## હિંમતનગરના હાજીપુર નજીક કેનાલમાંથી

# યુવાનના મળેલા મૃતદેહની તપાસમાં હત્યા હોવાનું ખુલ્યુ

**પ્રેમીકાએ જ તેના મંગેતર સાથે મળીને હત્યાનું કાવતરૂ ગોઠવ્યુ : સગાઈ થઈ ગઈ હોવા છતાં પ્રેમ સંબંધ ચાલુ રાખવા યુવાન દબાણ કરી પરેશાન કરતો હતો : મંગેતર અને પિતરાઈ ભાઈઓએ મળીને જંગલ વિસ્તારમાં યુવતીને મળવાના બહાને બોલાવી રૂમાલથી ટુંપો આપી દીધો ને મૃતદેહ ઝીંઝવા કેનાલમાં નાખી દીધો હોવાનું ખુલ્યુ : ત્રણની ધરપકડ : ગુનાનો ભેદ ઉકેલવામાં એલસીબીને મળી સફળતા**

હિંમતનગર, તા. ૮

હિંમતનગર નજીક હાજીપુર કેનાલમાંથી પાંચેક દિવસ પહેલા ૨૫ વર્ષિય યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આપઘાત જેવા દેખાતા આ કેસમાં સાબરકાંઠા એલસીબીને શંકા જતા બારીકાઈથી ઈન્વેસ્ટીગેશન શરૂ કર્યુ જેમાં આ યુવાને આપઘાત નહી પરંતુ તેની હત્યા થઈ હોવાનું બહાર આવ્યુ છે. યુવાનની હત્યાનું કાવતરૂ તેની જ પ્રેમીકાએ તેણીના મંગેતર સાથે મળીને રચ્યુ હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે. એલસીબીની ટીમે હત્યાનો ભેદ ઉકેલી ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

મળતી વિગત મુજબ ૩જી નવેમ્બરે સમી સાંજે હાજીપુર ગામની સીમમાં સાબરદાણ ફેક્ટરી નજીક આવેલી કેનાલમાંથી ૨૫ વર્ષિય યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. તલોદ ગામના સાગપુર ખાતે રહેતા જીતેન્દ્રસિંહ જશવંતસિંહ પરમારનો આ મૃતદેહ હોવાનું બહાર આવ્યુ હતુ. ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા તથા સાબરકાંઠા એસપી ચૈતન્ય માંડલીકની સુચનાથી આ શંકાસ્પદ ઘટનાની એલસીબી પી.આઈ. એમ.ડી. ચંપાવતની ટીમે ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. હત્યા હોવાની




શંકાએ ચાલી રહેલી તપાસમાં પોલીસને મહત્વની કડી મળી કે આ મૃતક યુવાનને તેના જ ગામમાં રહેતી એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો. આ મહત્વની કડીને આધારે ટેકનીકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી એલસીબીએ સમગ્ર રહસ્યમય કેસ પરથી પડદો હટાવી દીધો.

મૃતક યુવાન જીતેન્દ્રસિંહ જે યુવતી સાથે પ્રેમસંબંધ ધરાવતો હતો તેણીની સગાઈ પ્રાંતિજના નંનાનપુર ગામના કિશનસિંહ મકવાણા સાથે થઈ ગઈ હતી. સગાઈ થઈ ગઈ હોવા છતા જીતેન્દ્રસિંહ પ્રેમસંબંધ ચાલુ રાખવા દબાણ કરી યુવતીને પરેશાન કરી રહ્યો હતો. જેને લીધે કંટાળી જઈને આખરે મૃતકની પ્રેમિકા યુવતી અને અને તેના મંગેતર કિશનસિંહે મળીને જીતેન્દ્રસિંહને મારી નાંખવાનુ કાવતરૂ ઘડી નાંખ્યુ. મંગેતર કિશનસિંહે તેના કુટુંબી બનેવી કાળુસિંહ મકવાણા અને ફોઈના દિકરા અજયસિંહ મકવાણાની મદદ લઈ સમગ્ર હત્યાને અંજામ આપ્યો. પ્રેમિકાએ જંગલ વિસ્તારમાં જીતેન્દ્રસિંહને મળવા બોલાવી અને ત્યાં જ યુવતીના મંગેતર અને કુટુંબી ભાઈઓએ મળીને જીતેન્દ્રસિંહને રૂમાલથી ગળે ટુંપો આપી દઈ હત્યા કરી નાખી હતી અને ત્યારબાદ ઝીંઝવા કેનાલમાં તેનો મૃતદેહ ફેંકી દીધો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે. એલસીબીએ કિશનસિંહ કાળુસિંહ અને અજયસિંહની ધરપકડ કરી લઈ ઉંડી તપાસ શરૂ કરી છે.

## ફરેડી ગામે યુવાનોએ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે લોક સહયોગથી રીડિંગ લાયબ્રેરી સ્થાપી

### શારીરિક તાલીમ માટે મેદાન બનાવ્યું

મોડાસા, તા. ૮

સોશ્યલ મીડિયાના માધ્યમથી ફરેડી ગામના યુવાનો સૌપ્રથમ એક બીજા સાથે જોડાયા પછી ગામના વિકાસ માટે યુવાનોને સમગ્ર ગામનો સહયોગ મળ્યો, ગ્રામ્ય વિસ્તારોમાં છાપું પણ




સમયસર પહોંચતું ન હોય ત્યાં યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યુવાનો-યુવતીઓ માટે લોક સહયોગથી કુદરતી વાતાવરણના થીમ આધારિત ફરેડી રીડિંગ લાયબ્રેરી ખુલ્લી મુકવામાં આવતા



સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાન-યુવતીઓમાં આનંદ છવાયો હતો, ગ્રામજનોએ યુવકોની સરાહના કરી હતી.

યુવાન એટલે બોલેલું ધારેલું કરવાની શક્તિ જેનામાં રહેલી છે તે યુવાન. કહેવાય છે કે મન હોય તો માળવે જવાય આ કહેવતને સાર્થક કરતા અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ફરેડી ગામના સરકારી અને ખાનગી ક્ષેત્રે નોકરી રાજ્યના વિવિધ ઠેકાણે નોકરી કરતા યુવાનો લોકડાઉનમાં વતનમાં પહોંચ્યા પછી ગામના વિકાસ અને સમસ્યાઓ માટે ગામના યુવાનો, આગેવાનો અને વડીલોનું ''મારું ફરેડી વિકાસશીલ'' નામનું વોટ્સએપ ગ્રુપ બનાવ્યા બાદ દરેક સમાજના ગ્રામજનોને સાથે રાખીને સંકલન કરી વિકાસશીલ કાર્યોની, ગામની સમસ્યાઓ અને ગામના યુવાનો ભવિષ્યમાં આગળ વધવા શું જરૂરિયાત છે તે વિષય પર મોબાઈલના વોટસએપના માધ્યમથી ચર્ચાઓ કરવામાં આવી ત્યારબાદ ગામના નવયુવાનો દ્વારા વિકાસના કાર્યો કરવા અને ગામની સમસ્યાઓને દૂર કરવા ગામના સર્વ સમાજના યુવાગૃપે ખભેખભા મિલાવીને ફરેડી ગામને વિકાસના કાર્યો કરવા આગેકૂચ કરી યુવાનો માટે આર્મી, પોલીસ જેવી ભરતી માટે મેદાન તૈયાર કરવામાં આવ્યું.

ગામના યુવાનો અને યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરી શકે અને વાંચન કરી શકે તે હેતુસર લાઈબ્રેરીનું ઉદઘાટન કરવામાં આવ્યું જેમાં ફરેડી ગામના સર્વ સમાજના લોકો, આગેવાનો, વડીલો, ગામની પ્રાથમિક શાળાના શિક્ષકો લાઈબ્રેરીના ઉદઘાટન પ્રસંગે હાજર રહીને વિદ્યાર્થીઓ માટે ખુલ્લી મૂકીને યુવાનોએ ઉમદા કાર્ય કર્યું છે. કહેવાય છે કે પુસ્તકાલય એટલે મનોમંથન, જ્ઞાન અને શિક્ષણની પરબ. પુસ્તકાલય એટલે સંસ્કૃતિનું સંગ્રહાલય. ત્યારે ફરેડી ગામના યુવાનો દ્વારા કરેલ નવીન ફરેડી રીડિંગ લાયબ્રેરીમાં ગ્રામજનો દ્વારા આર્થિક સહયોગ અને સહકાર આપી યુવાનોની આ કામગીરીને ગ્રામજનોએ બિરદાવીને પ્રોત્સાહિત કર્યા હતા અને ફરેડી ગામમાં સૌ પ્રથમવાર લાયબ્રેરી થતા ગ્રામજનોએ હર્ષની લાગણી અનુભવી હતી.

## લોકરક્ષક દળની ભરતીમાં મહિલા-પુરૂષનો રેશીયો ન જળવાતા

# ઈચ્છા મૃત્યુ માટે દસ દિવસનું અલ્ટીમેટમ આપતુ આવેદનપત્ર

એલઆરડીની ભરતીમાં મહીલા પુરૂષનો રેશીયો ન જળવાતા બનાસકાંઠાના ઉમેદવારો ઈચ્છામૃત્યુ માટે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે દસ દિવસનું અલ્ટીમેટમ આપતુ આવેદન પત્ર આપવામાં આવ્યુ છે.

ગુજરાત રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા લોક રક્ષક દળની ભરતી તા.૧૫ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ બહાર પાડવામાં આવી હતી.જેનું આખરી પરિણામ તા.૩૦ નવેમ્બરના રોજ બહાર પાડવામાં આવેલ હતુ. જેમાં અનામત અને બિન અનામત વર્ગની મહિલાઓને અન્યાય થતો હોવાનું જણાવીને આંદોલન કરવામાં આવ્યુ હતુ.જેથી સરકાર દ્વારા આંદોલન ડામવા આખરી પરિણામ જાહેર થઈ ગયું હોવા છતા અને પાસ થયેલા ઉમેદવારોને નિમણુક પણ અપાઈ ગઈ છે. જેમાં મહિલા ઉમેદવારોની સીટોમાં ૨૪૮૫ સીટો નો વધારો કરવામાં આવ્યો છે. જેથી બંધારણની જોગવાઈ મુજબ દરેક ભરતીમાં ૩૩ ટકા મહિલા અને ૬૭ ટકા પુરૂષ ઉમેદવારોનું રેશીયો હોવો જોઈએ પરંતુ સરકારે તે રેશીયો જાળવ્યો નથી. જેથી ગેરબંધારણીય નિર્ણયને કારણે પુરૂષ ઉમેદવરો સાથે ભેદભાવ રાખવામાં આવ્યો હોવાનું એલઆરડીના ઉમેદવારોએ જણાવ્યુ હતુ. એલઆરડીના મહેન્દ્રકુમાર માળીએ જણાવ્યુ હતુ .સરકારી ભરતીમાં ૩૩ ટકા મહીલાઓ અને ૬૭ ટકા પુરૂષો ઉમેદવારોની ભરતી કરવાનો રેશીયો છે.પરંતુ અગાઉ થયેલા આંદોલનને બંધ કરાવવા સરકાર દ્વારા આ રેશીયો જાળવવામાં આવ્યો નથી જેના કારણે એલઆરડીના ઉમેદવારોને અન્યાય થઈ રહ્યો છે.આ બાબતે અવાર નવાર રજુઆતો કરવા છતાં કોઈ નિરાકરણ આવ્યું નથી.અને ગાંધીનગર રજુઆત કરવા જઈએ તો કેસ કરવામાં આવી રહ્યા છે.જેથી સરકારથી કંટાળી આખરે દસ દિવસમાં ન્યાય આપવા માંગ કરી છે.અને જો ન્યાય ન આપવામાં આવે તો દસ દિવસમાં ઈચ્છા મૃત્યુ કરવા મંજુરી આપવા આવેદન પત્ર આપવામાં આવ્યુ હતુ.

## પાલનપુરમાં ક્રિકેટ સટ્ટો રમતા બે શખ્સ સામે ફરીયાદ

પાલનપુર આકેસણ રોડ પર એક શખ્સ આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો હોવાની પશ્ચિમ પોલીસને બાતમી મળી હતી.જેથી પી.આઈ.કે. પી.ગઢવીની સુચનાથી સ્ટાફના માણસોએ વોચ ગોઠવી ક્રીકેટ મેચ પર સટ્ટો રમતા વિજયભાઈ કાંતિલાલ ઠક્કર રહે.પાલનપુરને જડપી લઈ તેની પાસેથી સટ્ટો રમવાન સાહીત્ય સહીત મોબાઈલ મળી કુલ રૂ.૮૦૦૦ હજારનો મુદ્દામાલ કબજે લીધો હતો.તેમજ હાજર ન મળેલ રાહુલ ઉર્ફે મુન્નો બાબુલાલ ઠક્કર સામે ગુનોંનોંધી તેને ઝડપી લેવા ચક્રોગતીમાન કર્યા છે.

## પ્રાંતિજ ખાતે ધી સાબરકાંઠા જિલ્લા પોલીસ ક્રેડીટ સોસાયટી દ્વારા મીઠાઈ ઘરનો શુભારંભ

### જિલ્લા ડીવાયએસપી દ્વારા દિપ પ્રાગટ્ય કરીને ખુલ્લું મુકવામાં આવ્યું : નગરજનોને સસ્તુ અને શુધ્ધ મિઠાઇ મળશે

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી સાબરકાંઠા જિલ્લા પોલીસ દિવાળીને ધ્યાનમા લઈને દિવાળીના તહેવારોમાં લોકોને શુધ્ધ અને સસ્તી મીઠાઈ મળી રહે તે માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, પ્રાંતિજ




ક્રેડીટ સોસાયટી મિઠાઈ ઘરનો જિલ્લા ડીવાયએસપી કે.એસ. સુર્યવર્શીના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતુ. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ પોલીસ ચોકી પાસે ધી સાબરકાંઠા જિલ્લા પોલીસ ક્રેડીટ સોસાયટી દ્વારા આજે ભાખરીયા પોલીસ ચોકી પાસે મિઠાઈ ઘરને જિલ્લા ડીવાયએસપી કે.એસ. સુર્યવર્શીના હસ્તે દિપ પ્રાગટ્ય કરીને પીઆઈ પી.એલ. વાઘેલા, પ્રાંતિજ મહિલા પીએસઆઈ એ.બી. મિસ્ત્રી, પ્રાંતિજ ટાઉન જમાદાર ઈશ્વરભાઈ દેસાઈ તથા પ્રાંતિજ પોલીસ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## ભિલોડા પોલીસ સ્ટેશનમાં દિવાળી નિમિત્તે તકેદારીના ભાગરૂપે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે પોલીસ સ્ટેશન પરીસરમાં દિવાળીના તહેવાર નિમિત્તે તકેદારીના ભાગરૂપે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. પી.એસ.આઈ. કે.કે. રાજપુતએ જણાવ્યું હતું કે દિવાળીના તહેવાર નિમિત્તે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વેપારીઓને શંકાસ્પદ વ્યક્તિ જોવા મળે તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવા જણાવ્યું હતું. વેપારીઓએ દુકાનમાં સલામતીના ભાગરૂપે સી.સી. ટી.વી. કેમેરા લગાવવાની સલાહ આપી હતી. ભિલોડા વેપારી એસોસીએશન પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી, સામાજીક અગ્રણી ગુણવંતભાઈ ત્રિવેદી, પુર્વ સરપંચ ભીખાભાઈ ભાટીયા, કરીયાણા વેપારી એસોસીએશન પ્રમુખ લાલભાઈ પુરશવાણી, કાપડ મહાજન સમિતી પ્રમુખ કલ્પેશભાઈ ચૌહાણ, ગિરીશભાઈ ઉપાધ્યાય, રાજેશભાઈ પંડ્યા, હરગોવિંદભાઈ પટેલ, પદમારામભાઈ રાયકા, રમણભાઈ સગર, અગ્રણી આગેવાનો સહિત વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડૂત વિરોધી કાયદાના વિરોધમાં બનાસકાંઠા કોંગ્રેસના ધરણા

બનાસકાંઠા કોંગ્રેસ દ્વારા શનિવારે ભાજપની કેન્દ્ર સરકારના વિરોધમાં ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશ ગઢવીએ જણાવ્યુ હતુ કે ભાજપ સરકાર ખેડૂત વિરોધી સરકાર છે. ખેતિવાડી ઉત્પન બજાર સમિતી જેમાં ખેડૂતોનું પ્રતિનીધીત્વ હોય અને નાના ખેડૂતો પોષણ ક્ષમ ભાવ મળી શકે અને ખેડૂતોને માલ વેચવામાં તકલીફ ન પડે તેવી એપીએમસીને નાબુદ કરવાના કાયદાઓ લાવવામાં આવ્યા છે. ખેડુત વિરોધી કાયદાઓના વિરોધમાં ધરણા કરી વિરોધ દર્શવવામાં આવ્યો હતો. રવિરાજ ગઢવી, લક્ષ્મીબેન કરેણ, સેનજીભાઈ દેલવાડીયા, યાશીન બંગલાવાલા, મુકેશભાઈ ચૌહાણ સહીત કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો હાજર રહ્યા હતા.

## અંબાજી દેવસ્થાન ટ્રસ્ટની ગાડીના પાયલટનો અનોખો પક્ષી પ્રેમ

### યુવાન દ્વારા પક્ષીઓ માટે ગાડીમાં ચણ અને પાણીની વ્યવસ્થા કરાઈ છે : ગાડી જ્યા રોકાય ત્યાં પાણી અને ચણ ખવડાવી અનોખી સેવા

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટનો પાયલોટ પોતાના ટીફીન સાથે પક્ષીઓના ખોરાક અને પાણીની વ્યવસ્થા કરી ઘરેથી નિકળે છે.અને અંગે ગોવિંદભાઈએ જણાવ્યુ હતુ કે, આજના સમયમાં માણસ પોતાના ફાયદા સિવાય કોઈને ઉપયોગી થતો નથી. તો મુંગા પક્ષીઓનું કોણ થાય



જ્યાં ગાડીનું રોકાણ થાય ત્યાં પક્ષીઓને ચણ ખવડાવી કુંડામાં પાણી ભરી પુણ્યનું ભાથુ મેળવી રહ્યા છે.

બનાસકાંઠાના અંબાજી ખાતે રહેતા અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટની ગાડીના પાયલટ ગોવિંદભાઈ રામજીભાઈ ઠાકોર ટ્રસ્ટની ગાડીમાં એક ચણ ભરેલો ડબ્બો રાખી જ્યાં ગાડી લઈને જાય ત્યા પક્ષીઓને ચણ અને પાણીનું કુંડુ ભરી માનવતાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે.આ હુ મદિરની પુજા પણ કરૂ છુ. એક દિવસ મંદિરે પક્ષીઓ આવાતા તેને ચણની જગ્યાએ મારા પાસેના ગાંઠાયા ખવડાવ્યા હતા.જેથી એક પછી બીજુ પક્ષી ગાંઠીયા ખાવા માટે આવવા લાગ્યા હતા.તે દિવસથી હુ મારી ગાડીમાં ચણ ભરેલો ડબ્બો રાખુ છુ.અને ગાડી જ્યાં જવાની હોય ત્યા ફુરસતના સમયે પક્ષીઓને ચણ અને પાણીના કુંડુ ભરી પક્ષીઓને ખોરાક અને પાણીની વ્યવસ્થા કરૂ છું. જે કરવાથી મન ને શાંતિ મળે છે.

## ધનસુરા તાલુકાના ગોપાલપુરા ગામ પાસેથી ૨૦ લીટર દેશી દારૂ ઝડપાયો

ધનસુરા તાલુકાના વડાગામ પાસે આવેલ ગોપાલપુરા ગામની સીમમાં થી ૨૦ લીટર દેશી દારૂનો જથ્થો ધનસુરા પોલીસે પકડી પાડ્યો હતો.ધનસુરા પોલીસે બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી ધનસુરા પોલીસે રેડ પાડી અને ગોપાલપુરા ગામ પાસે ખેતરમાં થી દેશી દારૂ ઝડપી પાડ્યો હતો.અને આરોપી ની ધરપકડ કરી હતી.ધનસુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કેટલાક સમયથી બુટલેગરો ને એક પછી એક પકડી પાડ્યા છે.ધનસુરા પોલીસ સ્ટેશન ના પી.એસ.આઈ પી.ડી.રાઠોડ ધ્વારા બુટલેગરો ને પકડી પાડ્યા છે ત્યારે સમાજમાં દારુ ના દૂષણ સામે પોલીસ ની કામગિરી થી લોકો એ પોલીસ ની આ કામગિરી ને બિરદાવી હતી.

## બનાસકાંઠા જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનની વરણી કરાઈ

બનાસકાંઠા જીલ્લા પંચાયત પાલનપુરની સામાન્ય સભાની ખાસ બેઠક તાજેતરમાં યોજાઈ હતી.જેમા વિવિધ આઠ



સમિતિઓની અઢી વર્ષ માટેની મુદત પૂર્ણ થતાં નવીન સમિતિઓની રચના બહુમતિના જોરે કરાઈ હતી. બાદમાં આજરોજ વિવિધ સમિતિઓના ચેરમેનની વરણી કરવામાં આવી હતી.

કોંગ્રેસ શાસિત બનાસકાંઠા જીલ્લા પંચાયત પાલનપુરની સામાન્ય સભાની ખાસ બેઠક તાજેતરમાં જીલ્લા પંચાયત પ્રમુખ વારકીબેન પારઘીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમા વિવિધ સમિતિઓની અઢી વર્ષ માટેની મુદત પૂર્ણ થતાં બેઠક માં કારોબારી સમિતિ, સામાજિક ન્યાય સમિતિ, શિક્ષણ સમિતિ, જાહેર આરોગ્ય સમિતિ,જાહેર બાંધકામ સમિતિ, ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ,મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિ, અપીલ સમિતિ સહિત ની આઠ સમીતી માટે ની દરખાસ્ત રજૂ થતા નોધ વંચાણે લઈ બહુમતીથી મંજૂર કરી બહાલી આપવામાં આવી હતી.

જેમાં વિવિધ સમિતિઓના ચેરમેનની આજરોજ વરણી કરવામાં આવી હતી.જેમાં (૧) કારોબારી સમિતિ - અજમલસિહ ઠાકોર (૨) સામાજિક ન્યાય સમિતિ - દિનેશભાઈ પરમાર (૩) શિક્ષણ સમિતિ - નરસીભાઈ દેસાઈ (૪) જાહેર આરોગ્ય સમિતિ - વર્ષાબા વિજયસિંહ બારડ (૫) જાહેર બાંધકામ સમિતિ - મુમતાજબેન યાસીનભાઈ બંગલાવાલા (૬) ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ - ચમનજી રાઠોડ (૭) મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિ - અંબાબેન ભાવસિંહ મકવાણા (૮) અપીલ સમિતિ - વારકીબેન પારગી ની વરણી કરવામાં આવી હતી. જેઓ એ આજે વિધિવત પોતાનો ચાર્જ સંભાળી લીધો હતો.

## પાલનપુરમાંથી મોટર સાયકલની ચોરી કરનાર શખ્સ ઝડપાયો

પાલનપુર શહેરમાંથી મોટર સાયકલની ચોરી કરતા એક શખ્સને પૂર્વ પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

બનાસકાંઠામાં મોટર સાયકલ ચોરીના ગુનાઓ ડીટેક કરબા જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા પોલીસને સુચનાઓ આપવામાં આવી હતી.જેના પગલે પૂર્વ પોલીસ સ્ટેશનના પી.આઈ બી.કે.ચૌધરી સ્ટાફના રણજીતસિંહ, જયદીપસિંહ, ગુલાબસિંહ, ગૌરવકુમાર સહીતના સ્ટાફ સાથે લક્ષ્મીપુરા રેલવે ફાટક પાસે વાહન ચેકીંગ કરી રહ્યા હતા.તે સમયે એક મોટર સાયકલ સંકાસ્પદ જણાતા તેની પુછપરછ કરી ચકાસણી કરતા તે ચોરીનું હોવાનું બહાર આવ્યુ હતુ.જેથી પોલીસે મોટર સાયકલના ચાલક જીગર ખાંભલીયા રહે.વેડીંચા જુની સ્કુલની પાછળ સામે ગુનોંનોધી તપાસ કરતા બે મોટર સાયકલ ચોરી કરી હોવાની કબુલાત કરતા પોલીસે મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગુનેગારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.